ફોન :-
પાટણ : ૨૩૦૦૬૮/૨૨૦૨૨૮
ફેક્સ :
હારીજ : ૨૨૨૪૦૪
ઉંઝા : ૨૩૫૪૧૯
અમદાવાદ : ૪૦૨૩૨૧૯૨

ESTD DPT 1956

# ડી. પી. ઠક્કર એન્ડ કું.
# ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ

**ટેક્ષ કન્સલટન્ટસ**

'શ્રી કુંજ', સ્ટેશન રોડ, પાટણ.

બ્રાન્ચ : નીધી હોસ્પીટલ બિલ્ડીંગ, સ્ટેડીયમ કોમર્સ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯

**ભાઇશ્રી,**

તા. ૨૭-૨-૨૦૧૬

(A) ઇન્કમટેક્ષ ખાતા એ ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૫-૧૬ થી વર્ષ આખરે માલ સ્ટોક નું વેલ્યુએશન કેવી રીતે કરવું જોઇએ તેની જાહેરાત કરી છે. તે પ્રમાણે નીચેની વિગતે સ્ટોકનું વેલ્યુએશન કરવું જોઇએ.

(૧) માલની પડતર કિંમત (જેમાં માલની ટેક્ષ સાથેની ખરીદ કિંમત તથા ટ્રાન્સપોર્ટેશન અને મજુરીનો સમાવેશ થાય છે.)

અથવા

માલની વેચાણની જે રકમ ઉપજે તેમ હોય તે એટલે કે માલની વેચાણ કિંમત (નેટ રીયલાઇઝેબલ વેલ્યુ)
<u>આ બે માંથી જે રકમ ઓછી હોય તે રકમ માલ સ્ટોક તરીકે મુકવાની રહેશે.</u>

- ❖ સ્ટોકની પડતર કિંમત ગણવા માટે 'FIFO' મેથડ એટલે કે ''ફર્સ્ટ ઇન ફર્સ્ટ આઉટ'' પ્રમાણે જે માલ પહેલા ખરીદ કરેલો હોય તે પહેલો વેચાણ થઇ ગયો હોય તેમ ગણાય એટલે જેટલા વજનનો સ્ટોક હોય તેટલા વજન ની છેલ્લી ખરીદીની પડતર કિંમત કોસ્ટમાં ગણાય.
- ❖ ખરીદી વધારે હોય અને વેચાણ ઓછુ હોય તો ''વેઇટેડ એવરેજ ખરીદ કિંમત'' સ્ટોકની કોસ્ટ નક્કી કરવા માટે ગણી શકાય.

(૨) માલ સ્ટોક ઉપર વ્યાજ ભરવું પડતું હોય તો વ્યાજની રકમ સ્ટોકમાં ઉમેરી શકાય નહીં

(૩) તેવીજ રીતે ગોડાઉન ભાડું કે બીજુ ઓફિસ ખર્ચ વિગેરે પણ સ્ટોકમાં ગણાય નહીં.

(૪) તા. ૩૧-૩-૨૦૧૬ ના રોજ જે માલ સ્ટોકમાં હોય તેનું વેલ્યુએશન ઉપરની પધ્ધતિ થી કરવું જરૂરી છે. અને જો તેમ પુરવાર કરી શકાય નહીં તો સ્ટોકનું વેલ્યુએશન ઇન્કમટેક્ષ ખાતું ઉપરની પધ્ધતિ થી કરી શકશે અને જો સ્ટોકનું વેલ્યુએશન ઓછું મુકેલું હોય તો ડીફરન્સની રકમ આવકમાં ઉમેરી શકશે અને જો સ્ટોક વેલ્યુએશનની રકમ વધારે મુકી હોય તો તેટલી સ્ટોકની રકમ ઓછી કરી શકશે અને વેલ્યુએશનમાં તફાવત માટે પેનલ્ટી પણ કરી શકશે.

(૫) ઘણી વખત માલ સ્ટોક વધુ સમય પડી રહે છે તેથી વ્યાજ, વખાર ભાડું અને ઓફિસ ખર્ચ વિગેરે ખર્ચની રકમ કેટલાક વેપારીઓ માલ સ્ટોકની રકમમાં ઉમેરીને નફો-નુકશાન બતાવતા હોય છે. પણ ચાલુ વર્ષ થી આ પધ્ધતિ બંધ થઇ છે.

(૬) એટલે તા. ૩૧-૩-૨૦૧૬ ના જે સ્ટોક બાકી રહે તેનું વેલ્યુએશન ઉપરની પધ્ધતિ પ્રમાણે ગણત્રી માં લઇ ચાલુ વર્ષ તા. ૩૧-૩-૨૦૧૬ ના પુરા થતા વર્ષ માટે નફા-નુકશાનની ગણત્રી કરવી જોઇએ જેથી તા. ૩૧-૩-૨૦૧૬ના પુરા વર્ષ માટે નફા-નુકશાન કેટલો રહેશે તે જાણીને સમજી શકાય અને જરૂર મુજબ એડવાન્સ ટેક્ષ ભરી શકાય.

(૭) કોન્ટ્રાકટરો ના કેસમાં તથા બિલ્ડરોના કેસમાં વર્ષ આખરે ૩૧ મી માર્ચના રોજ ઉપરના સિધ્ધાંતો પ્રમાણે નીચેની રીતે સ્ટોક મુકવો પડે :-

(૧) માલ સમાન અને મટીરીયલ્સના સ્ટોકની ગણત્રી કરી કલોઝીંગ સ્ટોક બતાવવો પડે.

(૨) વર્ક ઇન પ્રોગ્રેસની ગણત્રી કરી તેની પડતર કિંમત બતાવવી પડે.

(૩) માલ સામાન કે મજુરીનું એડવાન્સ પેમેન્ટ કરેલું હોય તો તે રકમ નફા-નુકશાનમાં માંડી નહીં વાળતા આગળ ખેંચવી પડે.

(૪) તેવી જ રીતે એડવાન્સ રકમ જે મળી હોય તે બીલમાં નહી ગણતાં આગળ ખેંચવી પડે અને કામ થાય તેના પ્રમાણસર બીલમાં જમા લેવી જોઇએ.

(૫) કામ એક વર્ષથી વધુ વર્ષ માટે ચાલુ રહે તો તા. ૩૧-૩-૨૦૧૬ સુધી થયેલા કામનું નફો-નુકશાન બતાવવું પડે કારણ પ્રોજેકટ પુરો થયેથી નફો-નુકશાન બતાવવાની પધ્ધતિ ચાલુ વર્ષ થી બંધ કરી છે.

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com

(૮) ઉપરોક્ત ફેરફારો તા. ૩૧-૩-૨૦૧૫ ના રોજ નોટીફીકેશન થી જાહેર કરેલ છે. જેનો અમલ તા. ૧-૪-૨૦૧૫ થી આવેલો છે. એટલે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ તા. ૩૧ મી માર્ચ ના પુરૂ થાય છે. તે હિસાબો પૂરા કરી નફો-નુકશાન કાઢતી વખતે ઉપરની જોગવાઇ ધ્યાનમાં લઇ ગણત્રી કરવી જરૂરી છે.

(૯) આ અંગે ચર્ચા કે માર્ગદર્શન જરૂરી હોય તો રૂબરૂ મળશો.

(B) ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ નો એડવાન્સ ટેક્ષનો છેલો હપ્તો ભરવા અંગે :-

ચાલુ નાણાકીય વર્ષ સને ૨૦૧૫-૧૬ નો ઇન્કમટેક્ષ એડવાન્સ ટેક્ષનો છેલ્લો હપ્તો તા. ૧૫-૩-૨૦૧૬ સુધીમાં ભરવાનો છે જેની માહિતી નીચે મુજબ છે.

(૧) અંગત, H.U.F. ભાગીદારી પેઢી કે કંપની અને સહકારી મંડળીઓ જેમની પણ ચાલુ વર્ષની આવકનો ભરવા પાત્ર ઇન્કમટેક્ષ (T.D.S. બાદ કર્યા પછી) રૂા. ૧૦,૦૦૦/- થી વધતો હોય તો એડવાન્સ ટેક્ષ ભરવો પડે.

(૨) એટલે વેપારી એ પોતાની તથા ભાગીદારોની ચાલુ વર્ષની અંદાજીત આવક, મજરે લેવાની T.D.S. રકમ, ભરેલ L.I.C. PPF, NSC, મેડીકલેઇમ પ્રીમીયમ તથા એડવાન્સ ટેક્ષના ચલણોની વિગત તા. ૫-૩-૨૦૧૬ સુધીમાં અમને મોકલવી જેથી એડવાન્સ ટેક્ષના ચલણો મોકલી શકાય.

(૩) અંગત તથા H.U.F. માટે ચાલુ વર્ષના ઇન્કમટેક્ષના દર નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧) | ૬૦ વર્ષ સુધીના દરેક સ્ત્રી કે પુરુષને.... | રૂા. ૨,૫૦,૦૦૦/- સુધી માફ |
| (૨) | ૬૦ થી ૮૦ વર્ષના સ્ત્રી-પુરૂષ.... | રૂા. ૩,૦૦,૦૦૦/- સુધી માફ |
| (૩) | ૮૦ વર્ષ થી વધુ ઉંમરના સ્ત્રી પુરૂષ..... | રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી માફ |
| (૪) | H.U.F. ને....... | રૂા. ૨,૫૦,૦૦૦/- સુધી માફ |

(૫) ઉપર મુજબની બેઝિક રકમ પછી કુલ

| | | |
|---|---|---|
| (૧) | રૂા. ૫,૦૦,૦૦૦/- સુધીની આવક ઉપર...... | ૧૦% |
| (૨) | રૂા. ૫,૦૦,૦૦૦/- થી ૧૦,૦૦,૦૦૦ સુધીની આવક ઉપર .... | ૨૦% |
| (૩) | રૂા. ૧૦,૦૦,૦૦૦/- ઉપરની બધી આવક ઉપર..... | ૩૦% |

નોંધ :- જે વ્યકિતની અંગત કુલ આવક રૂા. ૫ લાખ થી વધારે ન હોય તેમને ભરવા પાત્ર ટેક્ષ માંથી રૂા. ૨૦૦૦/- નું રીબેટ મળશે (ફકત અંગતના કેસમાં)

(૪) ભાગીદારી પેઢીને ધંધામાં તમામ ખર્ચા તથા ભાગીદારોની મુડીનુ ૧૨% સુધીનું વ્યાજ બાદ કર્યા પછી જે બુક પ્રોફીટ બાકી વધે તેમાંથી વર્કીંગ પાર્ટનરોનો પગાર નીચે મુજબ બાદ મળે છે.

(૧) રૂા. ૧,૫૦,૦૦૦/- સુધીના નફા ઉપર ...... ૧૦૦% પગાર

(૨) નફો રૂા. ૧,૫૦,૦૦૦/- થી વધારે અને રૂા. ૩,૦૦,૦૦૦/- સુધીનો હોય તો.....સળંગ કુલ નફાનો ૯૦% પગાર

(૩) રૂા. ૩,૦૦,૦૦૦/- ઉપરની નફાની રકમ ઉપર....... ૬૦% પગાર

નોંધ :- ભાગીદારોની મૂડીનું વ્યાજ તથા પગાર બાદ લેવા માટે ભાગીદારી દસ્તાવેજ માં તેની જોગવાઇ હોવી જરૂરી છે. નહીંતર વ્યાજ અને પગાર બાદ મલે નહિં.

(૫) ટેક્ષની રકમ ઉપર ૩% સેસ લાગે છે. ૧ કરોડ ઉપરની આવક હોય તો ૧૨% સરચાર્જ પણ લાગે છે.

(૬) અંગત તથા H.U.F. ને LIC, PPF, NSC, હાઉસીંગ લોન હપ્તાનું મુદલ વિગેરે રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી બાદ મળે છે. મેડીકલ વિમો રૂા. ૨૫,૦૦૦/- સુધી અને હાઉસીંગ લોનનું વ્યાજ રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી બાદ મળે છે.

(C) <u>વ્યાજ કપાત માફીના From 15G - 15H</u>

(૧) રૂા. ૫૦૦૦/- થી વધુ નું વ્યાજ અંગત કે H.U.F. ને વ્યાજ કપાત કર્યા વગર ચુકવવું હોય તો વ્યાજ મેળવનારે Form 15G કે 15H આપવું પડે આ અંગેની કેટલીક જરૂરી માહિતી નીચે મુજબ છે.

(૨) જેમની આવક ટેક્ષેબલ લીમીટ થી ઓછી હોય અને વ્યાજની રકમ પણ ટેક્ષેબલ લીમીટ થી ઓછી હોય તે જ આ ફોર્મ આપી શકે.

PDF-XChange Editor
Click to BUY NOW!
tracker-software.com

(૩) આ ફોર્મ તા. ૭-૪-૨૦૧૬ સુધીમાં TDS કમીશ્નર શ્રી ની કચેરીમાં અમદાવાદ ફાઇલ કરવું ફરજીયાત છે નહીતર રોજનો રૂા. ૨૦૦/- દંડ થાય છે.

(૪) આ ફોર્મ આપનારે ફોર્મમાં નીચેની વિગતો આપવાની રહેશે. નામ, પુરૂ સરનામું, ઉંમર, PAN NO. કયા વોર્ડ માં રીટર્ન ભરો છો, છેલ્લુ કયા વર્ષનું રીટર્ન ભર્યું છે, ડીવીડન્ડ ની કેટલી આવક છે ? મ્યુ. ફંડની આવક કેટલી? ધંધો કરતો હોય તો ધંધાનું શું નામ છે ? ચાલુ વર્ષની કુલ આવક કેટલી ?

(૫) વ્યાજ મેળવનાર ની ઉંમર ૬૦ વર્ષ પૂરી થયેલ હોય તો Form 15H આપવું પડે અન્યથા Form 15G આપવું પડે. H.U.F. એ Form 15G આપવું પડે.
એટલે તા. ૩૧-૩-૨૦૧૬ના વ્યાજ ચૂકવો તેમાં જેના Form 15G / 15H લેવાના હોય તેમની ઉપર મુજબની વિગત અમને તા. ૨૫-૩-૨૦૧૬ સુધીમાં મોકલવી જેથી જરૂરી Form તૈયાર કરીને સહીમાં મોકલી શકાય.

(D) સને ૨૦૧૪-૧૫ના વર્ષનું ઇન્કમટેક્ષ રીટર્નના ભરવાની છેલ્લી તારીખ ૩૧-૩-૨૦૧૬ છે જે વેપારીઓએ ઇન્કટેક્ષ રીટર્ન ભરવા માટેના ઉતારા હજુ સુધી અમને ન મોકલેલ હોય તેમણે તુરંત અમને દર વર્ષની જેમ ઇન્કમટેક્ષ રીટર્ન ભરવા માટેના ઉતારા તમામ વિગતો સાથે મોકલી આપવા.

(E) <u>વેટ E-Payment</u>
વેટ કાયદા અન્વયે જે વેપારીઓએ વાર્ષિક આવક ૧૦ લાખથી વધારે વેટ ચલણથી ભરેલ હોય અથવા માસીક /ત્રિમાસીક પત્રકમાં ૫૦,૦૦૦ થી વધારે રકમનો વેટ ચલણથી ભરવાનો થતો હોય તે તમામ વેપારીઓએ વેટ Online Net Banking થી ભરવો ફરજીયાત છે. જો આવા વેપારીઓ બેંકમાં ચલણથી વેટ ભરશે તો વેટ કચેરી આવા ચલણ સ્વીકારતી નથી. વેટ કચેરીમાં આવા વેપારીઓ ચલણ ડીફોલ્ટર ગણાશે. અને તેમને 'C' કે 'H' કે 'F' ફોર્મ મલશે નહિં.

કુશળ હશો.

લી.
ધીરૂભાઇ કનુભાઇ
પીયુષભાઇ નીખીલભાઇ